## વાપી મનપાની સ્થાયી સમિતિની બેઠકમાં હોર્ડિંગ્સનું કોકડું ગૂંચવાયું

**૪૫ પૈકી** બે કામ મુલતવી રાખ્યા ૪૩ કામને મનપાની સ્થાયી સમિતિની મંજૂરી



વાપી: વાપી મનપાની સ્થાયી સમિતિની પહેલી બેઠકમાં મનપાનાં ૪૫ પૈકી બે કામને આગામી બેઠક માટે મુલતવી રાખી ૪૩ કામોને મંજૂરી આપી હતી. આ બેઠકમાં વાપી મહાનગરમાં ખાનગી જગ્યાઓમાં લાગતા હોર્ડિંગ્સનો મુદ્દો વધુ ગાજ્યો હતો. મનપાના એસ્ટાબ્લિસ્ડ વિભાગ દ્વારા હોર્ડીંગ્સના દરોને લઈને મૂકવામાં આવેલી દરખાસ્તને સ્થાયી સમિતિના ચેરમેન તેમજ સભ્યોએ નકારી કાઢી તેના માટે પૂરતા અભ્યાસ બાદ એડવાઈઝીંગ અંગેની એક પોલીસી બનાવવા માટે પૂરતા અભ્યાસ સાથે દરખાસ્ત મૂકવા પર ભાર મૂક્યો હતો. સ્થાયી સમિતિએ અમદાવાદ કે સુરત જેવી મોટી મનપાના જેટલા ટેક્સના દર અહીં લગાડવા અનુચિત નહીં હોય તેવો તર્ક રજૂ કરીને આ અંગે વાપી મનપા દ્વારા એક પોલીસી બનાવવામાં આવે તેવો નિર્ણય ચર્ચા બાદ લેવાયો હતો.

ખાનગી જગ્યામાં મૂકાતા હોર્ડીંગ્સ ઉપર પણ હવે મનપા ટેક્સ લેશે. ઉપરાંત ખાનગી જગ્યામાં મૂકાતા હોર્ડીંગ્સ અંગે પણ માલિક અને હોર્ડીંગ્સ મૂકનાર એજન્સીના કરાર તેમજ મનપાની આ અંગે મંજૂરી લેવી પડશે.

સોમવારે વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠક સ્થાયી સમિતિના અધ્યક્ષ સતીશભાઈ પટેલની અધ્યક્ષતામાં મહાપાલિકાના સભાખંડ ખાતે યોજાઈ હતી. બેઠકમાં મહાપાલિકાના મ્યુનિસિપલ કમિશનર એન. એફ. ચૌધરી, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર કિરણ રાણા, વિવિધ વિભાગોના વિભાગીય અધિકારીઓ તથા સ્થાયી સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. બેઠકનું સંચાલન મ્યુનિસિપલ સેક્રેટરી રીતેશભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. બેઠક દરમિયાન મહાનગરપાલિકાના કુલ ૪૫ જેટલા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. એજન્ડામાં સમાવિષ્ટ મુદ્દા ક્રમાંક ૩૬, જે કુમારશાળા મેદાનને અડીને આવેલા શોપિંગ સેન્ટર તથા એલ.આઈ.સી. શોપિંગ સેન્ટરના નામકરણ અંગેનો હતો, તેમજ મુદ્દા ક્રમાંક ૩૯, જે એડવર્ટાઈઝમેન્ટ એજન્સીના રિપોર્ટ અને એડવર્ટાઈઝમેન્ટ પોલિસી મંજૂરી અંગેનો હતો.

### સામાન્ય સભા 30 જૂને, વિવિધ સમિતિની રચના થશે

વાપી: વાપી મહાનગરપાલિકાની ૩૦મી જૂને સવારે ૧૧.૩૦ કલાકે મેયર દક્ષાબેન પટેલના અધ્યક્ષ સ્થાને પદ્મભૂષણ રજ્જુભાઈ શ્રોફ ઓડિટોરિયમમાં મળનારી સામાન્ય સભામાં વિવિધ સમિતિની રચના તેમજ સોમવારે મળેલી સ્થાયી સમિતિમાં મંજૂર થયેલા ૪૩ કામોને બહાલી અપાશે. સ્થાયી સમિતિની રચના બાદ હવે ટાઉન પ્લાનિંગ (ટીપી), બાંધકામ તેમજ પાણી સમિતિ જેવી એક ડઝન સમિતિઓની રચના થશે. જેમાં ચેરમેન થવા માટે સત્તા પક્ષ ભાજપના કોર્પોરેટરમાં ભારે રસાકસી છે. જોકે સમિતિઓની રચના પણ સ્થાયી સમિતિની રચનાની જેમ ભાજપની પ્રદેશ મોવડી મંડળના મેન્ડેડને આધારે થશે. હવે જે જૂના જોગી કોર્પોરેટર બાકી રહી ગયા છે તેમને સમિતિઓમાં ચેરમેન પદ અપાશે તેવું લાગે છે. આ ઉપરાંત મુખ્યમંત્રી સિટી બસ સેવાના વિવિધ રૂટ અને સમયપત્રકને પણ આ સામાન્ય સભામાં મંજૂર કરવામાં આવશે.

## વાપીમાં મકાન ખરીદવું હવે મોંઘું પડશે: ક્રેડાઈ

**કાચા** માલમાં સતત ભાવ વધારો થતાં આખરે મકાનના ભાવ વધારવા પડ્યા

વાપી: ક્રેડાઈ વાપીની મેનેજિંગ કમિટીની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં બાંધકામ ઉદ્યોગની વર્તમાન સ્થિતિ તેમજ વધતા બાંધકામ ખર્ચ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

છેલ્લા કેટલાક સમયથી સ્ટીલ, સિમેન્ટ, ઈલેક્ટ્રિકલ મટીરિયલ, પ્લમ્બિંગ સામગ્રી ,Alluminium section સહિતના બાંધકામ માટે જરૂરી કાચા માલના ભાવમાં સતત વધારો નોંધાયો છે. ઉપરાંત મજૂરી, પરિવહન અને અન્ય ઓપરેશનલ ખર્ચમાં પણ નોંધપાત્ર વધારો થતાં પ્રોજેક્ટના કુલ બાંધકામ ખર્ચમાં ૩૦થી ૪૦ ટકા જેવો ભારે વધારો થયો છે.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ક્રેડાઈ વાપીના સભ્ય ડેવલપર્સ દ્વારા સર્વાનુમતે નિર્ણય લેવામાં આવ્યો છે કે 1 જુલાઈ, 2026થી વાપી તથા આસપાસના વિસ્તારોમાં આવેલા રહેણાંક અને કોમર્શિયલ પ્રોજેક્ટ્સના વેચાણ દરોમાં 10%થી 15% સુધીનો વધારો અમલમાં મૂકવામાં આવશે.ક્રેડાઈ વાપીના ચેરમેન એલ. એન. ગર્ગે જણાવ્યું હતું કે, "વધતા બાંધકામ ખર્ચ વચ્ચે ગુણવત્તા, સલામતી અને સમયસર પ્રોજેક્ટ ડિલિવરી જાળવવી એ અમારી પ્રથમ પ્રાથમિકતા છે. બજારની વાસ્તવિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવો જરૂરી બન્યો છે."

ક્રેડાઈ વાપીના પ્રેસિડેન્ટ રમેશભાઈ કોટડિયાએ જણાવ્યું હતું કે, "વાપી અને દક્ષિણ ગુજરાતમાં રિયલ એસ્ટેટ ક્ષેત્ર માટે ઉજ્જવળ સંભાવનાઓ છે.

## ગોલ્ડ લોન ટ્રાન્સફર કરવાનું કહી 26.90 લાખની ઠગાઈ


**ચણોદ** IIFLમાંથી લોન લઈ ગઠિયાએ બજાજ ફાઇનાન્સમાંથી સોનું છોડાવવાને બદલે ફરી લોન લઈ લીધી

વાપી: વાપી ઉદ્યોગનગર મૂળ યુપી અને હાલ મહાદેવ એપાર્ટમેન્ટ, ચીકુવાડી, ચલામાં વિપીનકુમાર રવિન્દ્રકુમાર શર્મા (ઉં.વ.29) રહે છે અને તેઓ આઈઆઈએફએલ ફાઈનાન્સ લિ.માં બ્રાંચ મેનેજર તરીકે નોકરી કરે છે. ગત તા.15-6-26 ના રોજ કસ્ટમર હિતેશકુમાર જબરા રામ દ્વારા ટોલ ફ્રી નંબર ઉપર ફોન કરી જણાવ્યું હતું કે, મેં વાપી સે બોલતા હું, મેરા નામ હિતેશ હે, મેરા બજાજ ફાઈનાન્સ લિ. વાપી જીઆઈડીસી ગુંજન બ્રાંચ મેં રૂ.27 લાખકા ગોલ્ડ લોન ચલ રહા હે, વહ ગોલ્ડ લોન આપકે આઈઆઈએફએલ ફાઈનાન્સ લિ.મે ટ્રાન્સફર કરના હે કહી વ્યાજ વિશે પૂછતાછ કરી હતી. ત્યારબાદ તેઓ ચણોદ ઓફિસ પર આવ્યા હતા અને માહિતી મેળવતા તેઓએ બજાજ ફાઈનાન્સ લિ.માં ટોટલ રૂપિયા 27,32,863ની અલગ-અલગ પાંચ લોન ચાલુ હતી.

જે બાદ લોન માટે આવનાર હિતેશના ઘરની વિઝિટ કરી હતી અને ત્યારબાદ કેવાયસી વેરીફેકશન થયા બાદ બજાજ ફાઈનાન્સમાંથી લોન ટ્રાન્સફર કરવા રૂ.27 લાખની પ્રોસેસ કરી હતી અને જીએસટી કપાત બાદ તેના બેંક એકાઉન્ટમાં રૂ.26.90 લાખ જમા થયા હતાં. જે બાદ વાપી ગુંજનમાં બજાજ ફાઈનાન્સ લિ. બ્રાંચમાં ગોલ્ડ લેવા જવાનું કહ્યું હતું અને વિપિન પણ સાથે ગયા હતા અને હિતેશે કહ્યું કે, હું ઉપર જઈ ગોલ્ડ લઈ આવું છે, કહી ત્રણેક કલાક બાદ નીચે આવી જણાવ્યું કે, બજાજ ફાઈનાન્સવાળાએ પાંચ ગોલ્ડ લોનને મર્જ કરી સિંગલ ગોલ્ડ લોન બનાવેલી છે અને તેની રકમ 31.15 લાખ છે, જેમાંથી રૂ.31 લાખ બેંક એકાઉન્ટમાં ડિપોઝીટ કરી દીધી છે અને કાલે પેમેન્ટ કરી ગોલ્ડ લઈ આવશેનું જણાવ્યું. જેથી હિતેશ જબરારામ (રહે., શ્રી એપાર્ટમેન્ટ, જીઈબી બોર્ડ, બલીઠા)એ લોન પેટે લીધેલી રકમના બદલે બજાજ ફાઈનાન્સ લિ.માં મૂકેલા ગોલ્ડ અથવા લોનની રકમ પરત આપવાનો વિશ્વાસ આપી લોન પેટે મેળવેલી રકમ બજાજ ફાઈનાન્સ લિ.માં ભરી અને તે રકમ પર જ પરત લોન મેળવી રૂપિયા સગેવગે કરી છેતરપિંડી કરી હતી.

## નવસારી સિવિલના બાંધકામ સ્થળે સગીર મજૂર હોવાની ચર્ચા

**બાળ** મજૂર કામ કરતો હોવાનો વીડિયો વાયરલ થતાં મામલો ગરમાયો



નવસારી: નવસારી સ્ટેશન નજીક નિર્માણાધીન સિવિલ હોસ્પિટલ કોલેજ અને માર્ગના બાંધકામ સ્થળે એક સગીર વયના બાળક દ્વારા મજૂરી કરવામાં આવતી હોવાની ચર્ચાએ સ્થાનિક સ્તરે ધ્યાન ખેંચ્યું છે. સમગ્ર મામલો ત્યારે ચર્ચામાં આવ્યો જ્યારે બાંધકામ સ્થળે કામ કરતા બાળકની ઉંમર અંગે સવાલો ઊભા થયા હતા.

મળતી માહિતી મુજબ બાંધકામ સ્થળે કામ કરી રહેલા બાળકની ઉંમર આશરે 13થી 14 વર્ષ જેટલી હોવાનું પ્રાથમિક રીતે જણાતું હતું. આ અંગે સંબંધિત કોન્ટ્રાક્ટર પાસે બાળકની ઉંમર અને ઓળખ સંબંધિત દસ્તાવેજો રજૂ કરવા જણાવાયું હતું. સ્થળ પર કોઈ સત્તાવાર દસ્તાવેજો રજૂ કરવામાં આવ્યા ન હોવાનું જાણવા મળ્યું છે. કોન્ટ્રાક્ટર દ્વારા બાળક પુખ્ત વયનો હોવાનું મૌખિક રીતે જણાવાયું હતું, પરંતુ તેની પુષ્ટિ થઈ શકી નથી.

આ ઘટનાના પગલે બાંધકામ સ્થળે કાર્યરત મજૂરોની નોંધણી, ઉંમર ચકાસણી અને શ્રમ કાયદાઓના પાલન અંગે પ્રશ્નો ઊભા થયા છે. ખાસ કરીને સરકારી પ્રોજેક્ટોમાં કામદારોની ભરતી અને દેખરેખ માટે નિર્ધારિત નિયમોનું પાલન થાય છે કે નહીં તે અંગે યોગ્ય તપાસ થવી જરૂરી હોવાનું સ્થાનિકો માની રહ્યા છે.

સોશિયલ મીડિયામાં આ ઘટનાનો વીડિયો પણ ચર્ચાનો વિષય બન્યો છે. અનેક લોકોએ સમગ્ર મામલે શ્રમ વિભાગ અને સંબંધિત સત્તાધિકારીઓ દ્વારા તપાસ હાથ ધરવાની માંગ કરી છે. જો બાળક ખરેખર સગીર હોવાનું સામે આવે તો બાળ શ્રમ સંબંધિત કાયદાકીય જોગવાઈઓ અંતર્ગત જરૂરી કાર્યવાહી થઈ શકે છે.

## રેંટલાવ સરપંચ સામે મારપીટના આક્ષેપો

**ફ્રૂટ** વેપારીનો સામાન વેરવિખેર કરી ગાળો આપતો સરપંચ CCTVમાં કેદ

પારડી: પારડી તાલુકાના રેંટલાવ ગામમાં ફ્રૂટના વેપારી સાથે મારપીટ, ખંડણીની માંગણી અને જાનથી મારી નાખવાની ધમકી આપવાના આક્ષેપો ગામના સરપંચ સામે લાગતા મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. વેપારી વિજયકુમાર ચંદ્રભાન સિંહે પારડી પોલીસને આપેલી અરજીમાં જણાવ્યું છે કે, તેઓ રેંટલાવમાં ફ્રૂટની દુકાન ચલાવે છે અને છેલ્લા ઘણા સમયથી ગામના સરપંચ દ્વારા તેમને હેરાન કરવામાં આવી રહ્યા છે.

ફરિયાદ મુજબ 21 જૂનના રોજ સવારે સરપંચ તેમની દુકાને પહોંચ્યા હતા અને કોઈ કારણ વિના ઉદ્ધત વર્તન શરૂ કર્યું હતું. વેપારીએ શાંતિથી વાત કરવાનો પ્રયાસ કરતાં સરપંચે દુકાનમાં પડેલું ફળનું કેરેટ ઉછાળી તેમની સાથે મારપીટ કરી હતી. આ ઘટનામાં વેપારીને ઈજા પહોંચી હોવાનું જણાવાયું છે. સમગ્ર ઘટના દુકાનમાં લાગેલા CCTV કેમેરામાં કેદ થઈ હોવાનું પણ ફરિયાદમાં ઉલ્લેખ કરાયો છે.

## સંક્ષિપ્ત સમાચાર

### મજીગામ હાઈવેનો સર્વિસ રોડ ખાનગી કંપનીઓ માટે પાર્કિંગ રોડ?


ધર્મેશ પટેલ

ઘેજ: ચીખલી નજીકના મજીગામમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગના ઓવરબ્રિજનો સર્વિસ રોડ ખાનગી કંપનીમાં આવતા કન્ટેનરો માટેનો પાર્કિંગ રોડ બની જવા પામ્યો છે. મજીગામમાં છેલ્લા કેટલાક દિવસોથી હાઈવેના સર્વિસ રોડ પર ગામમાં આવેલી ખાનગી કંપનીના સંખ્યાબંધ કન્ટેનરોના આડેધડ પાર્કિંગથી સર્વિસ રોડ અને આંતરિક માર્ગો પરનો વાહન વ્યવહાર પ્રભાવિત થતાં સ્થાનિકોની મુશ્કેલીમાં વધારો થતાં મજીગામ ગ્રામ પંચાયત દ્વારા પણ આ બાબતે પોલીસમથકમાં લેખિત રજૂઆત કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે ત્યારે પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવશે કે પછી આંખ આડા કાન કરવામાં આવશે તે જોવું રહ્યું.

### નવસારી જિલ્લામાં બેનાં મોત: તળાવમાં ડૂબી જતાં યુવાનું મૃત્યુ

નવસારી: નવસારી જિલ્લામાં બે અલગ-અલગ બનાવોમાં બે યુવકોના મોત થતાં શોકની લાગણી ફેલાઈ છે. જલાલપોરના મંદિરગામ ખાતે આવેલા તળાવમાં ડૂબી જવાથી એથાણ ગામના 35 વર્ષીય ખાપાભાઈ ભરતભાઈ હળપતિનું મોત થયું છે. તેઓ પોતાના બીમાર પિતાની સંભાળ માટે મંદિરગામ પી.એચ.સી. ખાતે રોકાયા હતા. રાત્રે હોસ્પિટલમાંથી નીકળ્યા બાદ તેમનો મૃતદેહ તળાવમાંથી મળી આવ્યો હતો. બીજા બનાવમાં નવસારીના કાગદીવાડ વિસ્તારમાં રહેતા 29 વર્ષીય ચિરાગ ઉર્ફે આકાશ દીપકભાઈ દંતાણીનું શંકાસ્પદ સંજોગોમાં મોત થયું છે. બેભાન હાલતમાં હોસ્પિટલ ખસેડાતા તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. પ્રાથમિક માહિતી મુજબ યુવક નશાની હાલતમાં હોવાનું જાણવા મળ્યું છે. બંને બનાવોમાં જલાલપોર અને નવસારી ટાઉન પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

### પાલક માતા-પિતા યોજનામાં મહિને રૂ.3,000ની સહાય ચૂકવાશે

નવસારી: રાજ્ય સરકાર દ્વારા અનાથ અને નિરાધાર બાળકોના સર્વાંગી વિકાસ અને સુરક્ષિત ભવિષ્ય માટે અમલમાં મૂકાયેલી પાલક માતા-પિતા યોજના અંતર્ગત પાત્ર બાળકોના પાલક વાલીઓને દર મહિને રૂ.3,000ની આર્થિક સહાય આપવામાં આવે છે. યોજનાનો મુખ્ય હેતુ બાળકોને સંસ્થાકીય ઉછેરના બદલે પરિવારના પ્રેમાળ, હૂંફાળા અને કુદરતી વાતાવરણમાં ઉછેરવાની તક પૂરી પાડવાનો છે. આ યોજના હેઠળ 18 વર્ષ સુધીનાં એવાં બાળકોને લાભ આપવામાં આવે છે, જેમના માતા-પિતા બંનેનું અવસાન થયું હોય અથવા માતા કે પિતાના અવસાન બાદ હયાત વાલીએ પુનઃલગ્ન કર્યા હોય અને બાળકનો ઉછેર દાદા-દાદી, નાના-નાની, કાકા, મામા, ફોઈ, માસી, ભાઈ અથવા અન્ય પાલક વાલી દ્વારા કરવામાં આવતો હોય. પાત્ર લાભાર્થીઓ માટે આવક મર્યાદા પણ નક્કી કરવામાં આવી છે. યોજનાનો લાભ મેળવવા માટે જરૂરી દસ્તાવેજો સાથે અરજી કરી શકાય છે. વધુ માહિતી માટે જિલ્લા બાળ સુરક્ષા એકમ, નવસારીનો સંપર્ક કરવા જણાવાયું છે.

### પારડીના મોતીવાડામાં નવચંડી યજ્ઞ યોજાયો, 20 યજમાનોએ લાભ લીધો


અમૃત પટેલ

પારડી: પારડી તાલુકાના મોતીવાડા ગામના પટેલ ફળિયામાં આવેલા ભવાની માતાના મંદિરના 21 વર્ષ પૂર્ણ થવાના અવસરે નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક પ્રસંગે ગામ સહિત આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ ઉપસ્થિત રહી ધાર્મિક કાર્યક્રમમાં ભાગ લીધો હતો. નવચંડી યજ્ઞ દરમિયાન વૈદિક મંત્રોચ્ચાર અને શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે યજ્ઞ સંપન્ન કરવામાં આવ્યો હતો. યજ્ઞમાં 20 જોડાઓ યજમાન તરીકે બેસી આહુતિઓ અર્પણ કરી હતી. આ યજ્ઞમાં ગામના વડીલો, યુવાઓ, મહિલાઓ જોડાયા હતા. મંદિર પરિસરમાં સમગ્ર દિવસ દરમિયાન ભક્તિમય વાતાવરણ છવાયું હતું. આ પ્રસંગે ભવાની માતાના મંદિરના પટાંગણમાં મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સેંકડો ભાવિકોએ મહાપ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. ભવાની માતાના મંદિરના દાન માટે ગામના અગ્રણી પ્રકાશભાઈ ડાહ્યાભાઈ પટેલ દ્વારા માતાજીના ચાંદીના મુગટ અને સાઉન્ડ સિસ્ટમ મળેલ હોવાનું જણાવ્યું હતું.

## મરઘામાળમાં દીપડાના હુમલામાં 4 બકરાંનાં મોત

**ગ્રામજનોમાં** ભયનો માહોલ, વન વિભાગે દીપડાને પકડવા કાર્યવાહી હાથ ધરી

ધરમપુર: ધરમપુરના મરઘમાળ ગામમાં દીપડાના હુમલાની ઘટનાથી ગ્રામજનોમાં ભય ફેલાયો છે. ગામના ખેડૂત ગોકુળભાઈ મેરવાનના ઘરે રાત્રિના સમયે દીપડાએ હુમલો કરી પાંચ બકરાંનો શિકાર કર્યો હતો. જેમાં ચાર બકરાંના મોત થયા હતા, જ્યારે એક બકરાને ગંભીર ઈજા પહોંચી હતી

ઘટના બાદ સ્થળ પરથી દીપડાના પગલાંના નિશાન મળી આવતા દીપડાના હુમલાની પુષ્ટિ થઈ હતી. છેલ્લા કેટલાક સમયથી ધરમપુર તાલુકાના વિવિધ ગામોમાં દીપડાની અવરજવર અને પશુઓ પર અને થોડા દિવસમાં જ મધુરી ગામમા એક માણસ પર હુમલો કરી ઘાયલ કર્યો હતો. ગ્રામજનોના જણાવ્યા મુજબ, થોડા દિવસો અગાઉ મરઘમાળ ગામમાં એક શ્વાન ઉપર દીપડાએ તરાપ મારી હોવાની માહિતી પ્રાપ્ત થવા પામી છે. ઘટનાની જાણ થતાં ગામના સરપંચ રજની પટેલે તાત્કાલિક વન વિભાગને જાણ કરી હતી. જાણ થતાં ધરમપુર રેન્જના ફોરેસ્ટર શક્તિભાઈ ચાવડા સહિત વન વિભાગની ટીમ અને પશુ દવાખાનાના ડોક્ટર ઘટના સ્થળે પહોંચ્યા હતાં. ઘાયલ બકરાની તપાસ કરી તેની સારવાર શરૂ કરવામાં આવી હતી. ખેડૂત ગોકુળભાઈ મેરવાને જણાવ્યું કે તેમનો પરિવાર પશુપાલન પર નિર્ભર છે અને આ ઘટનાથી તેમને ભારે આર્થિક નુકસાન વેઠવું પડ્યું છે.

## કોર્ટથી કલેક્ટર કચેરી સુધી 'બોગસ વકીલો'નો દબદબો

**નવસારી** બાર એસો.એ કલેક્ટર સમક્ષ કરેલી રજૂઆતમાં કેટલાંક નામો પણ આપ્યાં

નવસારી: નવસારી જિલ્લા કોર્ટ કેમ્પસથી લઈને મામલતદાર અને કલેક્ટર કચેરી સુધી કેટલાક લોકો વકીલ ન હોવા છતાં વકીલ તરીકેની ઓળખ ઊભી કરી કાયદાકીય કામકાજ કરતા હોવાના ગંભીર આક્ષેપો સાથે નવસારી ડિસ્ટ્રિક્ટ બાર એસોસિએશન દ્વારા જિલ્લા કલેક્ટરને રજૂઆત કરવામાં આવી હતી.

બાર એસોસિએશનના જણાવ્યા મુજબ કેટલાક ઈસમો કાયદેસર રીતે એડવોકેટ તરીકે નોંધાયેલા ન હોવા છતાં કાળા કોટ અને વકીલ જેવા ગણવેશમાં કોર્ટ પરિસર તેમજ સરકારી કચેરીઓમાં ફરી સામાન્ય નાગરિકોને કાયદાકીય સલાહ આપતા, સોગંદનામા તૈયાર કરતા, જમીન-મહેસૂલ સંબંધિત અરજીઓ તૈયાર કરતા તથા અન્ય કાયદાકીય દસ્તાવેજી કામગીરી કરતા હોવાના આક્ષેપો છે.

રજૂઆતમાં કનુભાઈ સોમાભાઈ દાફડા, હિતેશભાઈ માનસિંહભાઈ પરમાર, સુફિયાન શેખ (કાગદીવાડ), સોહેલ કોથડીવાલા (ડાભેલ), અનંત પટેલ, સંજય પીંગડા, સરફરાઝ શેખ અને ફૈઝલ શેખના નામોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત અન્ય અજાણ્યા ઈસમો પણ આવી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે.

બાર એસોસિએશનનું કહેવું છે કે કાયદાની ડિગ્રી અને બાર કાઉન્સિલની માન્ય નોંધણી વિના કોઈ વ્યક્તિ વકીલાત કરી શકતી નથી. તેમ છતાં જો કોઈ વ્યક્તિ વકીલ તરીકેની ખોટી ઓળખ આપી કાયદાકીય દસ્તાવેજો તૈયાર કરે અથવા સલાહ આપે તો તે સામાન્ય નાગરિકોને ગેરમાર્ગે દોરી શકે છે.

આવા લોકો દ્વારા તૈયાર કરવામાં આવતા દસ્તાવેજોમાં કાયદાકીય ખામીઓ રહેતી હોવાથી અરજદારોને નુકસાન ભોગવવાનો વારો આવે છે.

### ભીલાડ રેલવે ફાટક નજીક હાઈવે પર કાર, ટેમ્પો, ટ્રકનો અકસ્માત

ઉમરગામ: ભીલાડ રેલવે ફાટક નજીક નેશનલ હાઈવે નંબર- 48 પર સોમવારે સવારે ત્રણ વાહન વચ્ચે અકસ્માત સર્જાયો હતો. એને લઈને ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. અકસ્માતની આ ઘટનામાં સદનસીબે કોઈ જાનહાનિ થવા પામી નથી. પરંતુ ત્રણેય વાહનોને નુકસાન પહોંચ્યું હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માત ટેમ્પો, ટ્રક (કન્ટેનર) અને બ્રિઝા કાર વચ્ચે થયો હતો જાણ થતા જ ભીલાડ પોલીસ પણ ઘટના સ્થળે દોડી આવી હતી. અહીં ગયા અઠવાડિયે પણ ચાર વાહન એક સાથે અથડાતા અકસ્માતની ઘટનામાં ઈનોવા કારમાં સવાર એક મહિલાનું મોત નીપજવા પામ્યું હતું. જ્યારે અન્યોને ઈજાઓ પહોંચી હતી.

## ખટાણામાં શાળાનું બાંધકામ નબળું થતું હોવાની રજૂઆત બાદ તપાસ

**તાલુકા** પંચાયતના પ્રમુખે મુલાકાત લઈ ગુણવત્તાયુક્ત બાંધકામ કરવા સૂચના આપી



આસીફ શેખ

ધરમપુર: ધરમપુર તાલુકાના ખટાણા ગામના વાંકી ફળિયામાં આવેલી પ્રાથમિક શાળામાં શેડ તથા બાંધકામની ગુણવત્તા અંગે વાલીઓ દ્વારા કરવામાં આવેલી ફરિયાદોને ધ્યાનમાં રાખી ધરમપુર તાલુકા પંચાયતના પ્રમુખ શકુંતલાબેન ચૌધરીએ શાળાની સ્થળ પર જઈ તપાસ કરી હતી.

મુલાકાત દરમિયાન તેમણે શાળાના ચાલી રહેલા બાંધકામ અને શેડનું નિરીક્ષણ કરી કામગીરીની ગુણવત્તા અંગે વિગતવાર માહિતી મેળવી હતી. કોઈપણ પ્રકારની બેદરકારી કે બાંધછોડ ન થાય તેમજ કામ નિર્ધારિત ધોરણો મુજબ જ થાય તે માટે સંબંધિત એન્જિનિયર અને કોન્ટ્રાક્ટરને તાત્કાલિક સ્થળ પર બોલાવી જરૂરી માર્ગદર્શન સાથે કડક સૂચનાઓ આપવામાં આવી હતી.

પ્રમુખે શાળાની વિવિધ જરૂરિયાતો અંગે પણ ચર્ચા કરી હતી. વધુમાં, શાળામાં વિદ્યાર્થીઓની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને નવા વર્ગખંડોની જરૂરિયાત અંગે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી મંજૂરી મેળવવા માટે પ્રયાસ કરવાની ખાતરી આપી હતી.

### ફડવેલમાં નર્સરીમાં યુવકનું કરંટ લાગતો મોત

ઘેજ: ફડવેલ ગામે નર્સરીમાં કામ કરતાં યુવકને કરંટ લાગતા સારવાર પૂર્વે મોત નીપજ્યું હતું. ચીખલીના ફડવેલ નવા ફળિયા ખાતે રહેતા જયદીપ ધનસુખભાઈ પટેલ (ઉં.વ.૨૭) જે ફડવેલ નવા ફળિયા રઘુભાઈ મગનભાઈના ખેતરમાં આવેલી ફૂલછોડની નર્સરીમાં કામ કરી રહ્યો હતો. દરમિયાન સવારના સમયે ઈલેક્ટ્રિક બોર્ડમાં પ્લગ નાંખવા જતાં કરંટ લાગતા સ્પંદન હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાતા ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.


કેરસી બારીયા

## બીલીમોરા લાયન્સ કલબના હોદ્દેદારોની વરણી કરાઈ

બીલીમોરા: બીલીમોરા લાયન્સ કલબનો પદગ્રહણ સમારોહ યોજાયો હતો. જેમાં પ્રમુખપદે જાણીતા જીવદયા પ્રેમી સાઈલાલ કુમાવતએ પોતાની ટીમ સાથે શપથ ગ્રહણ કર્યા હતા. ઈન્સ્ટોલિંગ ઓફિસર પ્રિયંકા જૈનની ઉપસ્થિતિમાં કારભાર સંભાળ્યો હતો. નવી ટીમમાં પ્રમુખ તરીકે સાઈલાલ કુમાવત, મંત્રી અલી નવાજ કાપડિયા, ખજાનચી લોપા પટેલ તથા ભરત સોલંકી અને અજય મજેઠીયાની વરણીને ઉપસ્થિતોએ તાળીઓથી વધાવી લીધા હતા. આ પ્રસંગે જલારામ ટ્રસ્ટનાં પ્રમુખ મગનભાઈ પટેલ તથા બ્લડ બેન્કના સીઈઓ ઉદય પટેલ, ધવલ શાહ, ડો.રસિક ગાંધી, સુમનલતા વર્મા, નીતા પંચાલ, શોભા સંઘવી, મીનુ દેસાઈ સહિત અનેક અગ્રણીઓ હાજર રહ્યા હતા.